गुर्जरपति महाराजाधिराज
वनराज चावडाना नाट
कनां गायनो

રચનાર.

કવિ. છોટાલાલ દલપતરામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર બાલાભાઈ નગીનદાસ.
ઠેકાણું ઝવેરીવાડે નીસાપોળમાં.

આવૃતી ત્રીજી.

(પ્રત ૧૦૦૦)

અમદાવાદમાં.

રીચીરોડ ઉપર રંગપોળ આગળ બાલાહનમાન
પાસે 'રાજનગર પ્રીન્ટીંગ પ્રેસ'મા છાપ્યા.

સંવત ૧૯૪૬—સને ૧૮૯૦

કિંમત રૂ૦-૨-૦

ગુર્જરપતિ મહારાજાધિરાજ વનરાજ ચાવડાના નાટકનાં ગાયનો.

ગુજરાતની પુનઃસ્થાપના પર્યંત.

મંગળાચરણ.

સર્વ પાત્રો— રાગ કલ્યાણ.

જય ભદ્રકાળી, ત્રણ દરવાજા વાળી;
વિનતી દાસની સુણીએ, દીન દયાળી.—ટેક.
નરનારી પ્રિતે હમેશાં, દરશન કરવા જાય;
તવ દરસનથી માતુ મારી, મુક્ત પાપથી થાય. જય.
વિશાળ દેરામાં બિરાજે, ખડ્ગ ગ્રહી કરમાંય;
મમમાયા જો મ્હેર કરો તો, કાર્ય સીધ આ થાય. જય.
જક્તજનુની માતા મારી, કૃપાની કરજે દ્રષ્ટ;
હે જગદંબે મહેર કરીને, કાપ હમારા કષ્ટ. જય.
સદાચરણ સદ્ વિદ્યા નિતી, સલાહ સંપ તું આપ;
કુસંપ કજીઆ કલેશ કપટને, દુરાચરણ તું કાપ. જય.
દુષ્ટ નફ્ટ દુર્જન નિર્દયથી, કરજે દેવી દૂર;
કૃપા કરી મા અલ્પ વિનતી, ઉતારજે તું ઉર. જય.

પ્રવેશ ૧ લો.

(કલ્યાણી નગરીમાં રાજા ભુવડની કચેરી.)

ભુવડ— ગીતિ.

મુજ મંત્રી મીર સુણજે, વાત ઉચરૂં તે લે તું ધારી;

કેવી રીતે પાળો, સત્ય ન્યાયથી સદા પ્રજા મારી,
શી ઉપજ આવે છે, દર વર્ષે શું ખર્ચ કહો આજે;
ઉત્તેજન કેવું છે, સદાચરણ સુવિધાને કાજે.

મીર— **ગજલ.**

નેક નામદાર ભુવડરાય શીરતાજ,
અર્જ મારી સુણીયે હે માહારાજા ધિરાજ;
આબાદીમાં દિસે છે રાજ આપનું હે રાય,
સત્ય ન્યાય નીતી કેરાં કર્મ સદા થાય.
અહરનીશ પ્રેમથી નિજ ધર્મ આચરે,
સુનિતીથી વિરૂધ પાય કોઈ ના ધરે;
સુખી દિન ગાળે સદા તમ તણી પ્રજા,
દુષ્ટ નફ્ટ દુર્જનોને સખ્ત છે સજા.
ઉપજ આપ રાજની છે રાય કોટી ચાર;
ખર્ચ કોટિ ત્રણ થાયછે હે નામદાર,
કહ્યો છે જે આપને આ વર્ષનો હેવાલ,
તેના ઉપર કૃપા કરી આપ કરશો ખ્યાલ.

(શંકર બારોટ સભામાં આવી જયશિખરનાં વખાણ કરે તે તેથી ગુસ્સે થઈ.)

ભુવડ— **(અરે લાલદેવ) એ રાહ.**

અરે બાટ મુખથી વદે શું વચન,
જતો મુકો તુજને દયા આણી મન;
જઈ ચેતવ જલદી તું તારો રાય,
લઈ લશ્કર સામો સોલંકીની થાય.

શંકર— **સદર રાગ.**

કરે ગર્વ ઝાઝો ભુવડ તું શું આમ,

ગુર્જર સામો લડવા ધરે શું તું હામ;
જઈ જયશિખરને કરું ધુંઠું જાણ,
હણી સૈન્ય તારૂં લઉં તુજ પ્રાણ.

(શંકર ભારોટ જાય છે અને ભુવડ પોતાના સામંતોને હજુ સુધી ગુજરાત કેમ સ્વતંત્ર છે તે ક્રોધાવેશમાં પૂછે છે.)

ભુવડ–　(વિજય ટેક કેમ તજોરે) એ રાહ.

શું હજુ સુધી ગુર્જર સ્વતંત્ર, સામંતો શુર કયાં ગુમાવ્યું રે;
જઈ સત્વર કરો પરતંત્ર,　સામંતો૦
મને હતી નહિ આવી જાણ;　સામંતો૦
લઉં જયશિખરના જઇ પ્રાણ,　સામંતો૦
ઉઠો ચંદ દ્રુવટ ભટવીર.　સામંતો૦
ઉઠો ભીમને ભારથી મીર;　સામંતો૦
ગ્રહો શૂરવીર હવે હથીયાર,　સામંતો૦
બાંધો બખ્તર બનો તૈયાર,　સામંતો૦
ચાલો ગુર્જરોને જીતવા કાજ,　સામંતો૦
હણી જયસિખરને કબ્જે કરો રાજ.　સામંતો૦

મીર–　એજ રાહ.

શીરતાજ ભુવડ નામદાર, વચન શું આ વદો તમેરે;
જઈ કબ્જે કરૂં ગુર્જર આ વાર,　વચન૦
સામંતો શું આ ખોશે નિજ નૂર,　વચન૦
ભૂપ વિચારો જરીએ આપ ઉર;　વચન૦
શી છે ગુર્જરપતીની વિશાત.　વચન૦
કરૂં આ શેરથી જયશિખરની ઘાત;　વચન૦
રજા આપો હવે હે કલ્યાણી રાય;　વચન૦
ધરે ધીરજ વિલંબ બહુ થાય,　વચન૦

કેમ બેસી રહ્યા ધરી મન ધીર, સામંતો સઉ સજ થાઓરે.
ઉઠો ઉઠો સભાજન શૂરવીર. સામંતો૦
(ભુવડ રાજા સૈન્ય તૈયાર કરી ગુજરાત ઉપર ચડાઈ
કરવા જાય છે.)

પ્રવેશ ૨ જો.

(પંચાસર નગરમાં રાજા જયશિખરની કચેરીમાં લોકો
ભુવડના જુલમથી પોકારતા આવે છે.)

પ્રજામંડળ—(ફરીયાદ ફરીયાદ) એ રાગ.

અર્જ આપ સુણીયે હે મહારાજાધિરાજ;
દુ:ખથી પીડાતી તમ પ્રજા પોકારે આજ—ટેક.
સૈન્ય મોટું લઈને સંગ આવે છે કો રાય,
બાળી ગામ ઠામે ઠામ વર્તાવે છે ત્રાસ. અર્જ૦
દક્ષિણેથી સૈન્ય આવું આવતું દીસે,
સેનાપતિ મીર નામનો છે એ વિશે. અર્જ૦
કેદખાને પકડી પૂરે આપની પ્રજા,
રાય જલ્દી આવી આપ દ્યો એને સજા. અર્જ૦
તેના ત્રાસથી નાસીને આવ્યા આપ પાસ;
ગુર્જરપતી આપ પાશ ઉગરવાની આશ. અર્જ૦

(જયશિખર સુરપાળ ને પ્રજામંડળને સાંત પાડી સ્વસ્થાન
મોકલવાનું કહી પોતે ભુવડરાયને હોટકાર દેછે.)

જયશિખર— (વિજય ટેક એ રાગ.)

શો આ ગુર્જરોમાં થયો ઉત્પાત, સોલંકી કેમ આવી અડયો રે;
કેમ લજવે છે પોતાની એ જાત; સોલંકી૦

શાને પ્રજાપર કરે આવો કેર; સોલંકી૦
એમ વળશે નહિ નીજ વેર, સોલંકી૦
પ્રજા પીડવી એ નહિ ક્ષત્રી ધર્મ. સોલંકી૦
ધીક સોલંકીઆ અનુચિત કર્મ, સોલંકી૦
આવ યુદ્ધમાં તું જલ્દી મારી સાથ; સોલંકી૦
જોઈ લે તું જયશિખરના હાથ. સોલંકી૦
સેનાપતિ સુરપાળ સો અન્યાય ગુર્જરો કેમ બેશી રહ્યા રે,
હું બેઠે શું પ્રજા મારી પીડાય, ગુ૦
મારવાડ મેવાડને લખો પત્ર; ગુ૦
આવે લશ્કર લેઇને લેઇ અસ્ત્ર, ગુ૦
સોલંકી ધારે છે શું નિજ મન; ગુ૦
પમાડુ તેમને રણમાં પતન, ગુ૦
સુના સીંહને છછેડયો એણે આજ; ગુ૦
કેમ આવ્યો છે તે ખોવા નિજ લાજ, ગુ૦
કરો સેનાપતી એ ઉપાય, ગુ૦
જેથી સર્વ પ્રજા મારી સુખી થાય. ગુ૦

સુરપાળ— એજ રાહ.

ધરો શાંતી હવે હે રાય, ગુર્જરો કેમ ટેક તજે રે;
સુરપાળ જલ્દી શત્રુ સામો જાય; ગુ૦
એ સોલંકીના શા છે ભાર, ગુ૦
જઈ સત્વર હું કરૂં તેને હાર; ગુ૦
રાખો નહિ બીજાપર વિશ્વાસ, ગુ૦
એથી થાશું આપણે નિરાશ; ગુ૦
ગુર્જરી પ્રજાને આપો હથિયાર, ગુ૦
હવે લગાડવી ઘટે નહિ વાર. ગુ૦

(સુરપાળ લશ્કર લઈ મીરના સામો જાય છે.)

પ્રવેશ ૩ જો.

(સુરપાળને આવતો જોઈ ક્રોધાવેશમાં.)

મીર— વિજય ટેક કેમ તજેરે એ રાહ.

ભલે આવ્યો તું રણે સુરપાળ, નક્કી હું વેર આજ વાળુરે;
હવે નજીક આવે છે તુજ કાળ; નક્કી૦
મરતાં લગી હું નહિ છોડનાર; નક્કી૦
ઘાત કરૂં આ શેરથી નીરધાર; નક્કી૦
જીવતા જવાની છોડી દે તું આશ. નક્કી૦
લઈ જઉં તુજ સ્ત્રીને મુજ પાશ; નક્કી૦
મારાં વચન તું રાખજે યાદ; નક્કી૦
આ મીર ઉતારશે તુજ નાદ. નક્કી૦

સુરપાળ— રાગ સદર.

શાને કરેછે તું આવો ગર્વ મીર, જીવ જતાં હું નહિ મુકુરે;
તને હણું તો હું ખરો ક્ષાત્રી વીર; જીવ૦
હજુ જોયા નથી તેં મુજ હાથ; જીવ૦
એક ક્ષણમાં હું કરૂં તારો ઘાત, જીવ૦
આતો અધીરો બને શાને કાજ; જીવ૦
હજુ દુષ્ટ તુને આવી નહિ લાજ; જીવ૦
નિશ્ચે તારે માથે ભમે છે મરણું; જીવ૦
જલદી પોચાડું છું તને રામશરણું. જીવ૦

(અંતે ભુવડનું લસ્કર હારી પાછું ફરેછે.)

પ્રવેશ ૪ થો.

(રાણીવાસમાં રાણી રૂપસુંદરી પોતાના ભરથાર રણમાં ગયાછે માટે ફીકર કરેછે અને દાશીને પુછેછે કે રણમાં શું થયું.)

રૂપસુંદરી- લાવણી દક્ષણી ચાલની.

દાશી શું થયું, રણુને વિશે કહેનીરે—એ ટેક.
અરર હાય, ફીકર થાય, મન મુઝાય,
કંપે કાય, સુજ પડે ન એનીરે;— દાશી॰
ધિરજ સેં ધરૂ, પતિ વિના હું સુનીરે;
સ્વામિનાથ, ગ્રહીને હાથ, બીડી બાય,
બેસું સાથ, આવે જ્યારે એનીરે.— દાશી॰

દાશી- એજ રાહ.

ધીરજ તો ધરો, બાઈ આજ મારીરે—
થઇને શાંત, તજો કલ્પાંત, રાખો ન ભ્રાંત,
મળશે કંત, તમ પ્રિતિ વીચારીરે;— ધીરજ॰
બાઈ તમ કૃતી, સ્વામિ પ્રતે સારીરે;
સજ્જડ પ્રીત, તમ ખચિત, વધતી નિત,
ધરીને ચિત, લેશે ખબર તમારીરે.— ધીરજ॰
(પ્રાર્થના કરેછે.)

રૂપસુંદરી- આશાગોડી.

સ્વામિની રક્ષા કરજે,
પ્રભુ મારા સ્વામિની રક્ષા કરજે.—ટેક.
સોલકી સામે પિયુ ગયાછે,
વિઘ્ન તુ તેના હરજે;— પ્રભુ॰
બીન અપરાધે સોળંકી ચઢયોછે,
તેનો પરાજય કરજે.— પ્રભુ॰
વિજયી કરીને પિયુ મારાને,
સત્વર મુજને મેળવજે.— પ્રભુ॰

કરજોડીરે તુજને નમું છું,
વીનતી ઉર આ ધરજે.-- પ્રભુ॰
(એટલામાં જયશિખર આવે છે.)

જયશિખર- ગિતી.

પ્યારી મારી આજે, કેમ ઉદાસી દીસે મુખ તારૂં;
જોઇ ઉદાસી તુજને, ભરાઇ આવે હાય મન મારૂં.

રૂપસુંદરી- ગજલ.

રણને વિશે જ્યારથી ગયાતા સ્વામી આપ,
ખાનપાન તજીને બેઠી કરતી હું સંતાપ;
મુખ ઉદાસી જોઈ મારૂં ઉદાશિ નવ થશો,
સ્વામીનાથ બેસો સાથ અમીત તો હશો.

જયશિખર- કલ્યાણ.

ફિકર છોડી દે, નચિંત થઈ તું રે;
શત્રુને સંહારી પ્યારી મેળવ્યો છે જે.
તુજ વીરા સુરપાળે રણમાં બતાવ્યું છે બહુ શુર,
ધન્ય ધન્ય ક્ષત્રીવટ તેનો ધન્ય ક્ષત્રીનું નુર.—ફિકર॰
દ્વંદ યુદ્ધમાં મીરની સાથે વર્તાવ્યો જયકાર,
સોસંકો શત્રુમાં પ્યારી વર્ત્યો હાહાકાર— ફિકર॰
કપટી શુત્રુ પંડે ચડિયો મુર્છાગત જોઈ મીર,
તેની સાથે આવી અડીયો સુરપાળ સુરવીર.--ફિકર॰
તુજ વીરાની વારે ધારો પડી મને જ્યાં જાણ;
વીરેશ્વરની કૃપા થકી શત્રુનો વળીયો ઘાણ.—ફિકર॰
(કેટલુંક ભાષણ થયા બાદ વિરેશ્વર માહાદેવમાં જાયછે.)

પ્રવેશ ૫ મો.

(વીરેશ્વર મહાદેવમાં જયશીખર, સુરપાળ રૂપસુંદરી અને વિમળદેવી ચાર સાથે ઇશ્વર પ્રાર્થના કરે છે.)

ચારે સાથે-- દયાળુ દેવ કૃપાળુ તું એ રાહ.

અરે ઓ દેવ, કરીએ શેવ, સ્વીકારોને, પ્રભુજી એવ—ટેક
સ્તુતિ નમ્ર આ, તું ઉર ધરજે, વિઘ્નો હમારાં, તું હરજે.—અરે૦
કરી છે કૃપા, પ્રભુ તેં આજ, રાખી ગુર્જરોની લાજ;—અરે૦
વિના વાંક, સોલંકી સર્વ, આવી અડયા ધરી મન ગર્વ.—અરે૦
ઉતાર્યો ગર્વ, કરી તેં મે'ર, થઇ ગુર્જરોમાં લીલા લે'ર,—અરે૦
છીએ અમે બાળ તારાં પ્રભુ, કરજે સાહાય, તેની વિભુ.—અરે૦

સુરપાળ અને વિમળદેવી—

ન્યાયી છે, આ ગુર્જપતિ, સુખી કરજે, તું આ દંપતિ—અરે૦
દિસે છે આ રાય, નિતીવાન, પ્રભુ દેજે તું પુત્રનું દાન.—અરે૦

ચારે સાથે—

ગુર્જર તું ભલું કરજે, વિનતી આ તું ઉર ધરજે.—અરે૦

પ્રવેશ ૬ ઠો.

(સુરપાળ પોતાની સ્ત્રી વિમળદેવીને સાથે બેઠો છે ત્યાં ભુવડરાયનો સુરપાળને ફોડવાનો ખાનગી પત્ર આવે છે તે વિમળદેવી વાંચે છે.)

વિમળદેવી- સ્વસ્તી શ્રી સ્નેહપુર એ રાગ.

ગુર્જર સેનાપતી સુરપાળ, ચતુર સુજાણરે;
ચાવડા કુળ માંહે આપ, દીસો છો ભાણરે.

યુદ્ધ કૌશલ્યને જોઈ વીર, શૌર્ય તમારૂં રે;
અતી હર્ષીત થયું છે આજ, ઉર આગારૂં રે.
ગુણી છો વિવેકી નિતીજ્ઞાન, કહૂં છું તેથીરે;
લખીતંગ સેનાપતી મીર, ભુવડના કહેથીરે.
તમને ઇચ્છે છે રાખવા પાસ, કલ્યાણી રાયરે;
જોઈ ચાતુરી ને પરાક્રમ, બહુ હરખાયરે.
ગુર્જરપતીને તજીને આપ આવશો પ્રિતેરે;
સુખી કરશે અમારો રાય, વિધવિધ રીતેરે.
જયશિખરનો આવ્યો છે કાળ, દિલમાં વિચારોરે;
આમ આવેથી બચશે પ્રાણ, વીર તમારોરે.
કરશો મદદ રહીને ગુપ્ત, શાણા અમનેરે;
ગુજરાતની મળશે વિર, ગાદી તમનેરે.
આ પત્રનો લખજ્યે જવાબ, મન વિચારીરે;
સુખી થાશો જો આવશો શર્ણ, નરને નારીરે.
દીર્ઘ દ્રષ્ટીથી કરીને વિચાર, લખજ્યે પત્રરે;
ખુશી થશે કલ્યાણી રાય, ભુવડ શિરછત્રરે.

(સુરપાળ સાંભળી ઘણો ક્રોધાયમાન થયો પણ પોતાની પ્યારીનો વિચાર જાણવા સારૂં તે નિચે પ્રમાણે બોલ્યો.)

સુરપાળ— **ગિત.**

શી મરજી છે તારી, પ્યારી રાણી થવું તું દિલધારે;
શર્ણું ગયેથી મળશે, રાજભોગનું સુખ અતિ ભારે.

વિમળદેવી--

ભલે કદાપિ જગનું, રાજ મળે પણ શર્ણું નવ જાવું;
ભલે જીવ આ જાતો, કેમ વદો છો પિયુ વચન આવું.

પ્રવેશ ૭ મો,

(સુરપાળનો પત્ર સાંભળીને ક્રોધ.વેશમાં.)

ભુવડ-- સરકાર માફ કીજીએ એ રાહ,

મીર શું આ સાંભળુ કેવો લખ્યો છે પત્ર;
કબજ કરૂં તેહને હું પડે જઇને તત્ર. મીર૦
યોગ્ય નો'તું મીર તુજને કરવું આવું કર્મ;
એથી આ સોલંકીને લગાડી છે તેં શર્મ. મીર૦
શાથી ગુર્જરો કરે છે મનમાં આવો ગર્વ;
જો આ શેરથી ગુર્જરો ઠેર કરૂં સર્વ. મીર૦

મીર—ભુવડરાય સુણીયે આ દાસ કેરી અર્જ;
આજ્ઞા આપો તો બજાવું જઇને મારી ફર્જ. ભુવડ૦
આપ નામદાર પાસે શો છે એનો ભાર;
ગુર્જરોનો જઇને કરી આવું હું સંહાર. ભુવડ૦

પ્રવેશ ૮ મો,

(જયશિખર વિચાર કરે છે.)

જયશીખર- સોરઠી ગજલ.

હવે કરવું શું મારે અહો, સુજ તેની તો ન પડે ખરે, ટેક.
અરીસૈન્ય મારાથી છે બહુ, શુરા યોધા મારા પડયા સઉ;
કાલ યુધતો જબરૂં થશે, મુજ પત્નીનું શું કરૂં અરે; હવે૦
ગર્ભવંતી પત્ની છે માહરી, રક્ષા કરજે તેની તું તો હરી;
પુત્ર રત્ન તું દેજે પ્રભુ, કરીને કૃપા આમ ઉપરે. હવે૦
કદી મ્રત્યુ માહરૂં જો થશે; શત્રુ પત્ની મારીને લઇ જસે;
સત્ય તેહનું મુકાવશે. કેવી દુખી થાશે તેહરે, હવે૦

કદી પુત્ર જો તેને સાંપડે, શત્રુ સામો જઈ તેતો લડે;
વેર બાપનું નીજ વાળીને, સુખી ગુર્જરોને તે કરે. હવે૦
માટે વળાવું હું વનમાં, સાહ્ય થાજો પ્રભુ વીધનમાં;
સુરપાળ સંગે મોકલું, હાય થાશે શું આ વિયોગરે. હવે૦

(સુરપાળ જયશિખરના બોલાવવાથી આવીને ઉદાશી ચેહેરો જુએ છે તેથી)

સુરપાળ— **ખુશ રહો સનમજા એ રાહ.**

ગુર્જરપતી હે જયરાજ નમન હું કરૂં છું;
વળી વિનય વાણીથી વચન આજ ઉચરૂં છું.
કેમ આજ દીસે છે મુખ ઉદાશી તમારૂં;
જોઇ દુખી તમોને થયું દુખીત મન મારૂં.
શું કારણ છે તે કૃપા કરી બતલાવો;
કરવા છું હું તૈયાર હુકમ ફરમાવો.

(રાજા રૂપસુંદરીને વનમાં મુકી આવવાનું કહેછે તેથી દીલગીર થઇને)

સુરપાળ— **ગિતી.**

જાવું પડશે આજે, મારે બેની સંગે વનમાંહિ;
મુકી એને જલ્દી, આવુ પાછો રાય કને આહિં.

પ્રવેશ ૯ મો,

રૂપસુંદરી— **કલ્યાણ.**

અહો પિયુ મારા, કરૂં નવ કદી ન્યારા;
વિના આપ નાથ મારા, હાલ નઠારા. એ ટેક.
પલજુગ જેવી લાગે સ્વામી મુજને વિના આપ;

સુણી કડણુ વચન હો પીયુ, ઉપન્યો ઉર પરીતાપ; અહો૦
પ્રાણપતિ તમ વિના દિસેછે સુનો આ સંસાર;
પરણીને જે રહે પીયરમાં, તે સ્રીને ધિઃકાર. અહો૦
ચાલો આપની સંગે આવું; બાંધીને હથિયાર;
ના ના પિયુ જીવ જતાં હું જુદી ના પડનાર. અહો૦

સીંહાનો કનરો.

વચન વદો આ શું પિયુજી મારા,
પ્રિત જુઓ આપ મારી વિચારી. ટેક.
જાવા કહો સ્વામી મુજને એ વનમાં,
થાશે ગતી આપ વિના શી મારી. વચન૦
જળ વિના જેમ મચ્છ રહે પ્રિય,
તેમ વિયોગછે તમ દુખ્ખકારી. વચન૦
નાથ એ માટે કૃપા કરીને,
નવ મોકલો વનમાં તમ પ્યારી. વચન૦

લાવણી–હે વિજયસિંહ એ રાહ.

હે સ્વામી નાથ (૨) શું વદોછો આરે વચન,
અર્જ આ દાશીની સ્વીકારી લ્યો પીયુ આપ ધરીને મન;
કદી સૂર્ય ઉદય (૨) પશ્ચિમે પિયુ જણાય,
સમુદ્ર મર્યાદા તજે તમ પ્રિયા વિખુટી ન થાય;
આવાં કઠોર વચન (૨) નવ વદો ઓ મારા પ્રાણ,
પ્રિયા રઝળતી મુકીને નવ જવું ઘટે સુજાણ;
નથી પુત્ર તણી (૨) દીલ આશ મને હે નાથ,
કૃપા કરો આ દાશીને પિયુ રાખશો આપની સાથ;

(રાજાને ભેટીને) **સૈયર દુખ શું એ રાહ.**

સ્વામી મારા આમ શું વદો આવાં કૃર વચન,

વેણુ તમારાં સાંભળી ગદ્ગદ ભયભિત ગાત્ર; સ્વામી૦
પ્રાણુ થકી વાલા તો ગણું, નીત્ય હે પ્રાણુનાથ;
વનમાં મને મોકલી પીયુ, હાય કરશો અનાથ; સ્વામી૦
આ અંગના કદી જોખશે, સત ફડકાતો થાય;
નહિરે ચુકું પત્ની ધર્મ હું, માહરો કદી રાય; સ્વામી૦
દુભવી નથી પીયુ મુજને, ક્રોધ કરી કોઈવાર;
કેમ જીવે કહો ભામની, વિના નીજ ભરથાર. સ્વામી૦
તજશો નહી પ્રિય મુજને, કહું છું જોડીને હાથ;
ના, ના નહી વનમાં જાઉં, રાખો આપની સાથ. સ્વામી૦

જયશિખર- **રાગ ઉપરનો.**

વચન માનોને તમે પ્રિયા, કહું છું જે હું હાલ;
પ્રભુની ઈચ્છાથી આવું બન્યું, આવ્યો વિપરીત કાળ. વચન૦
ભુલી નથી પ્રિય પતિ તું, તારો પતિવ્રત ધર્મ;
ચુકી નથી પ્રભુ ભક્તિમાં, શુભ કરતી તું કર્મ. વચન૦
શોક છોડી ઘો તમે હવે. ધૈર્ય ધારીને નાર;
વિલંબ લગાડો નહિ અરે એથી દુખ થનાર. વચન૦
સુરપાળની સંગે જઈ, કરજો સુખ્ત મુકામ;
મળશું પ્રભુ મેળવશે તહિ હવે છેલ્લા પ્રણામ. વચન૦

(જયશીખર જાય છે ને સુરપાળ આવે છે),

સુરપાળ- **રાગ બાનજારો.**

સાવધ થા બેની મારી, જોઈ વિસ્મિત થઈ ગતિ તારી ટેક.
હું ક્ષત્રીપુત્ર છું સાચો, વળી યુદ્ધ વિશે નથી કાચો;
કેમ વચન વદે અવિચારી, જોઈ વિસ્મિત થઈ ગતિ તારી. સા૦
કેમ ક્ષત્રીધર્મ હું ચુકું, કાયર થઈ ધીરજ મુકું;
કેમ કરું કૃતી એ નઠારી, જોઈ વિસ્મિત થઈ ગતિ તારી; સા૦

પણ સ્વામીનો હુકમ છે આવો, તમ એનીને વન મુકી આવો;
શું કરૂં હું છું લાચારી. જોઈ વિસ્મિત થઉં ગતિ તારી. સા૦
હવે સત્વર સાવધ થાઓ, મુજ સંગે વનમાં આવો;
તજી શોક કરો તૈયારી, જોઈ વિસ્મિત થઉં ગતિ તારી; સા૦

(નગર છોડતી વખતે,)

રૂપસુંદરી- પિયુને તજનાર એ રાહ.

જાઉં છું તજીને પ્યારા નગ્ર હું આ વાર;
પીયુએ પરહરી મને આજરે અહો; ટેક.
વાલા રંગમેહેલ હવે બળી ભસ્મ થા;
તજીને હું જાઉં છું શો કોપ થયો આ. જાઉ૦
સુવસ્ત્રાલંકારો દીસે વેરી મને આજ;
ધરા માતુ દેતી નથી માર્ગ શાને કાજ. જાઉ૦
હાય હાય આ શું દુખ દીધું હે હરે;
નિર્દય થઈને સ્વામિ દુરરે કરે. જાઉ૦
પાપ તે શું પેલે જન્મ મેં પ્રભુ કીધું;
અબળા ઉપર સ્વામિ દુઃખ શું દીધું. જાઉ૦
ગુર્જરી માત તુંને હું કરૂં છું પ્રણામ;
પંચાસર નગ્ર તને છેલ્લા રામ રામ. જાઉ૦
રંગભૂમી તને હવે છે છેલ્લા પ્રણામ;
જાઉ છું હું વન વિશે તજી સૌ આમ. જાઉ૦

પ્રવેશ ૧૦ મો,

જયશિખરના મૃત્યુથી ગુર્જરી પ્રજાનું રૂદન.)

ગુર્જરી પ્રજા— રાસડો.

હાય આવડો કોપ પ્રભુ શો તેં કીધો, કોપ પ્રભુ શો તેં કીધો;

હીરો ગુર્જર તણો હરી લીધોરે. હાય૦
પ્રભુ કીધો શું કુડો કેર,
હવે થશે અમારી શી પેર; ૦
રડારોળ થઈ છે ઘેર ઘેરરે. હાય૦
આજ ગયો ગુજરીનો હીરો,
સુરવીર વિદ્યાવંત વીરો;
કોઈ વાતે નહીં તે અધીરોરે. હાય૦
બાપુ વનમાં મુકી કેમ ચાલ્યા,
માર્ગ સ્વર્ગતણા કેમ ઝાલ્યા;
જઈ સ્વર્ગ તમે ક્યાં માલ્યારે. હાય૦
હરી લીધાં ચક્ષુ પ્રભુ આપે,
દુઃખ આવું પડયું શા પાપે;
હવે કોણ અમારાં દુઃખ કાપેરે. હાય૦
દુષ્ટ દુસ્મનો પીડે છે ભારી,
હવે જઇએ કોને શર્ણ હારી;
દુખી દીસે બહુ નરનારીરે. હાય૦
હવે જીવી અમારે શું કરવું,
કહાં જઇ હવે દીક કરવું;
હવે નક્કી ખઇ ઝેર મરવુંરે. હાય૦

પ્રવેશ ૧૧ મો,

(અરણ્યમાં રૂપસુંદરી પ્રવેશ કરે છે.)

રૂપસુંદરી-- ચંદ્રમુખીને એ રાહ.

કેવું અઘોર વન આ, દીસે છે બંધુ માહરા. ટેક.
વાઘ વરૂ શિયાળવાં, ફરતાં દીસે છે આ અહીં;

કેસરી નાદ સુણીને, ધૈર્ય તો રહે નહીં. કેવું૦
દીસે છે આ અરણ્યમાં, ઝેરી જનાવરો બહુ;
રાણી થઈ હું આથડું, કષ્ટ મારૂં શું કહું. કેવું૦
શી રીતે હું રહી શકું, આ અઘોર વન વિશે,
મુકી મને અહીં એકલી, વાર શું તજી જશે. કેવું૦

સુરપાળ— ગજલ.

જાઉં છું હવે બેની હું રાયકેરી પાસ,
સુજ્ઞ છે તું બેની મારી થઇશ ના ઉદાસ;
નચિંત થઇને રહેજે સદા સુખી બંને સાથ,
દિન ઉપર કરજે મહેર પ્રભુ હે દિનનાથ.

રૂપસુંદરી—

આવજે તું વેહેલો જલદી મારી પાસે વીર,
આ અઘોર વનમાં કેમ રહેશે મારી ધીર;
લેજે જલ્દી આવી વીરા બેનાની તપાસ,
તુજ વિના હે બંધુ મારા સર્વ છે ઉદાસ.

(સુરપાળ ગયા પછી પરમેશ્વરની સ્તુતિ કરે છે.)

રૂપસુંદરી— રાગ મેવાડો.

સહાય થાજે પ્રભુ મહારાજરે. સહાય થાજે પ્રભુ માહારાજ;
પંચાસરમાં પીયુજી મારા, સોલંકી સામા આપ;
સહાય તેની તું કરજે પ્રભુજી, હરજે મુજ પરિતાપરે. સ૦
પડી વિખુટી હું નાથથીરે, પુત્રની છે મન આશ,
દેજે પુત્ર તું એક એવો જેથી, પામે અરી બહુ ત્રાસરે. સ૦
વીરો મારો મુકી ગયો મને, એકલી આણે ઠાર;
રક્ષા કરજે તું પુત્રીની આ, છે તારો આધારરે. સ૦
(એટલામાં કરણ આવી વિમળદેવીનું હરણ કરી જાય છે.)

પ્રવેશ ૧૨ મો,

(પંચાસર જતાં માર્ગમાં સુરપાળ બોલે છે.)

સુરપાળ— સોરઠી ગજલ.

આ અઘોર વનમાં મુકી જઉં મુજ પત્નીને એની આગરે. ટેક.
ગતો શી થશે હવે તેહની, સહાય કરશે કો વિભુ એહની,
તુજ શરણું મુકીને જઉં, કરજે રક્ષા પ્રભુ મહારાજરે. આ૦
અબળા જાતો જાણી હે વિભુ, આથ કરજે તેની તું તો પ્રભુ;
કરીને કૃપા અમ ઉપરે, હરી રાખજે અમ લાજરે. આ૦
બહુ વાર થઈ મુજને અરે. પંચાસર છે અહીંથા વેગળે;
માણુ જલ્દી જઈને હું હવે, હશે એટલા જશરાજરે. આ૦

(એટલામાં જયશિખરના મૃત્યુની ખબર લાવનાર ચાવડા નાયકને પુછે છે ત્યારે જવાબ દેતો નથી તે વખતે.)

સુરપાળ— લેજે પ્રભુજી ખોળે એ રાહ.

કેમ ઉદાશી આવો થયો, કહેતાં રાયની વાત;
જેરે બન્યું હોય તે કહે, જલ્દી મુજને તું ભ્રાત. કેમ૦
શાને લગાડે છે વાર તું, વીર કહેતાં તું આજ;
શી પેરે યુદ્ધ ત્યાં થાય છે, કેવા છે જશરાજ. કેમ૦

નાયક— સદર.

શાને જીવ્યો હું અભાગીયો, આવી કહેવાને વાત;
કેર થયો છે કાળો અહે, થઈ છે રાયની ઘાત. શાને૦
કોટ તોડી પેઠો નગ્રમા, ભુવડ સોલંકી રાય;
પ્રજા તમારો પોકાર છે, મુખેથી ત્રાય ત્રાય. શાને૦

સુરપાળ— લલિત.

અરર હે પ્રભુ કોપ શો કર્યો, ગુર્જરી તણો તેં હીરો હર્યો;

કરમ ફુટિયાં ગુર્જરો તણાં; દુઃખ વિશે રહી, નહી હવે મણા;
અતિ પિડાય છે, ગુર્જરી પ્રજા, વગર વાંકથી, દે રીપુ સજા;
નગર નોખને, મેડી માળીયાં; અરર હાય તે સર્વ ટાળીયાં;
અકળ તાહરી, છે કળા વિભુ, સખત દુઃખ આ, શું દીધું પ્રભુ;
તન વિશે અતી દુઃખ થાયરે, જય કરી ગયા ક્યાંય રાયરે;
ઇતિ આ કથા, વીન રાયના; અરર જીવ તું કેમ જાયના;

પ્રવેશ ૧૩ મો.

(વીમળાદેવીના હરણની સુરપાળને જાણ થાયછે તે વખતે)

સુરપાળ— ધિક્ ભગવાનસિંહ

હરી શે વાંકે અબળા નાર, સોલંકી સુત ધિક્ તનેરે;
હરી ગયો પણ નથી એમાં સાર, સોલંકી૰
નહિ મુકે તને હવે સુરપાળ; સોલંકી૰
તારા નજીક દીસેછે હવે કાળ; સોલંકી૰
સોલંકીને આથા તેં લગાડી લાજ, સોલંકી૰
યાદ રાખ આવી ઠેર કરું આજ, સોલંકી૰
શીદ બાવરા બનોછો વીર, સોલંકી૰
જઈ છોડાવું છું ધરો મન ધીર; સોલંકી૰

પ્રવેશ ૧૪ મો,

(વીમળદેવી કરણની છાવણીમાં વિલાપ કરેછે;)

વિમળદેવી— ઓધવજી સંદેસો કેહેજો એ રાહ.

હાય પ્રભુ શો કોપ કીધો મુજ ઉપરે,
લાવીને મુકી કોને આ વાસજો;
સગાં સંબંધી કોઈ અહીં મારું નથી,
છે તારાપર મારો એક વિશ્વાસજો; હાય૰

શી પેરે હું રાખું મારી લાજ તો.
છું હું અબળા એકલડી અનાથ જો;
મોકલજો પીયુ મારાને જલ્દી પ્રભુ;
પડીછું હું આ દુષ્ટોને હાથજો, હાય૦
જોર જુલમથી સતીનું સત્ય મુકાવશે;
નથી એમાં મારો એકે ઉપાયજો;
કેમ દેતી નથી ધરતી માતા માર્ગ તું,
આ પાપી પ્રાણ કેમ હજુ નવ જાયજો; હાય૦

(કરણુ બળાત્કાર કરેછે ત્યારે,)

વિમળદેવી— અરે લાલદેવ એ રાહ.

અરે દુષ્ટ જલ્દી ઉઠી થા તું દુર;
ગુમાવી દીધું નિજ પરીયાનું નુર;
નથી હું અબળાનો અવરકો ઉપાય;
અતી દુખ દિલમાં મને હાય થાય;

(કરણુના ગયા પછી)

વિમળદેવી— પિયુને તજાવનાર એ રાહ.

હાય દૈવ રૂઠયો કેમ આવો હું પરે;
દયા જરી લાવે નહીં પુત્રીની અરે. હાય૦
શી રીતે આ પાપીઓના હસ્તથી છુટું;
ઉપાય ન સુઝે મારૂં કર્મ તો ફુટયું. હાય૦
શી રીતે હું રાખું મારો પતિવ્રત ધર્મ,
અને દુષ્ટ કંઈ તને આવે નહીં શર્મ. હાય૦
શીયળનો થાશે નક્કી પ્રભુ અહીં ભંગ;
અન્ય પુરૂષનું હજી દેખ્યું નથી અંગ. હાય૦
દિનબંધુ દિનાનાથ કૃપા તો કરો;
આવી પુત્રી તેના કષ્ટ તો હરો. હાય૦

प्रवेश १५ मो.

(સુરપાળનું મરણ સાંભળીને સતી થવા જાય છે પણ સુરપાળ જીવતો છે તે તેને બચાવે છે.)

વિમળદેવી— સહાગર દુખ શું એ રાહ.

કરજે કૃપા મુજ ઉપરે, પ્રભુ દીનદયાળ;
મેળવજે સ્વામિ મુજને, દેઈ તેમની ભાળ. કરજે૦
જાણે અજાણે મારા થકી, થયા હોય જે પાપ;
કૃપા કરી તેની હવે. હરી માફી તું આપ. કરજે૦
હાય પ્રભુ મારા સ્વામિનો; સર્પે લીધો છે પ્રાણ;
મોડી થઈ છે મને પિયુ, તમ મર્ણની જાણ કરજે૦
તો પણ આવીને મળું, જલ્દી તમને હું હાલ;
બેની તમારીના હવે, હાય થાશે શા હાલ. કરજે૦
પુત્ર થશે જો તેમને, લેશે કોણ સંભાળ;
મૃત્યુ તમારૂં સાંભળી, પ્રાણ તજશે તે કાળ. કરજે૦
હે જગદીશ્વર તુજને, નમું છું જોડી હાથ;
સતી થઉં છું હું અહો. રાખ પિયુની સાથ. કરજે૦

प्रवेश १६ मो.

વિમળદેવી— બનજારો.

ધન્ય ધન્ય જનુની તમારી, આવી ખબરજ લીધી અમારી. ટેક.
તમે સાચો પ્રેમ બતાવી, જીવ બચાવ્યો મારો આવી;
તમે પ્રિયા તમારી ઉગારી, આવી ખબરજ લીધી અમારી. ધ૦
મેં કષ્ટ સહ્યું બહુ સ્વામિ. દુષ્ટોથી દુખ બહુ પામી;
તમ વીયોગ પીડાકારી, આવી ખબરજ લીધી અમારી. ધ૦
ઘણું દુષ્ટે આવી મુજને. કરૂં પટરાણી હું તુજને;

લાગે પ્રાણ થકી તું પ્યારી, આવી ખબરજ લીધી અમારી. ધ૦
મરણ પામ્યા છે તુજ સ્વામિ, રંડાપો હવે તું પામી;
થઈ હવે તું નારી મારી, આવી ખબરજ લીધી અમારી. ધ૦
મેં સતિ થવું વિચાર્યું, તમને આવી મળવું ધાર્યું;
હતી સતિ હું નક્કી થનારી, આવી ખબરજ લીધી અમારી. ધ૦
કરી જગકર્તાએ મહેર, મેળવ્યાં આપણને આ પેર;
છીએ તારા પ્રભુ આભારી, આવી ખબરજ લીધી અમારી. ધ૦

સુરપાળ— **સદર.**

તજ શોક હવે હે નારી, થઈ લખીત વાત થનારી. ટેક.
મને જાણ થઇ આવી જ્યારે; તુજ સોધમાં નીકળ્યો ત્યારે;
ઘણી શોધ કરી મેં તારી. થઈ લખીત વાત થનારી. તજ૦
અહિં આવતોતો હું જેવો, મળ્યો નાયક રસ્તે તેવો;
તુજ વાત કહી વિસ્તારી, થઈ લખીત વાત થનારી. તજ૦
પ્રભુની કૃપાથી અહીં મળીયાં, હવે કષ્ટ આપણાં ટળીયા;
તજી શોક ગૃહો હુંશીયારી, તું પ્રાણ થકી છે પ્યારી. તજ૦
મુજ બેનીની પાસે જાશું, સુખ દુખથી વાકેફ થાશું;
હવે જવા કરો તૈયારી, થઇ લખીત વાત થનારી. તજ૦

પ્રવેશ ૧૭ મો.

(વનરાજનો જન્મ થાય છે ત્યારે ભીલડીઓ મંગળ ગીત ગાય છે.)

ભીલડી— **ગરબી.**

(માંમેરૂં મોંઘા મુલનું એ રાહ.)

ધન્ય ધન્ય દીવસ ધન્ય આજનો
ધન્ય ધન્ય ઘડી પળવાર, કુંવર જાયો રાણીએ.
આજે પુત્રનો જન્મ થયો અહિ

રક્ષા કરજે તેની કીરતાર. કુંવર૦
આજે પૂર્વનાં પુન્ય પ્રગટ થયાં,
કરો જગકર્તાએ મહેર. કુંવર૦
હીરો ગુર્જરોમાં પેદા થયો,
થાઇછે લાખેણી લીલા લહેર. કુંવર૦
પુત્ર પુરો પરાક્રમીતો થશે,
પાળશે પ્રજા આણીને પ્રેમ. કુંવર૦
આજ્ઞા ગુરૂને માતાની પાળશે.
કરશે સુખી રહે માત જેમ. કુંવર૦
નીજ બાપનું વેર તે વાળશે,
કરશે સોલંકીને તે હાર. કુંવર૦
હણી સોલંકી ભુવડ રાયને.
ગાદીપર બેસશે નીરધાર. કુંવર૦
તાતનું કુળ તે અજવાળશે,
સર્વ રાજ જીતી થશે રાય. કુંવર૦
કરશે દેશથી દુરે સોલંકીને;
તેને પોકરાવશે ત્રાય ત્રાય. કુંવર૦
દઇએ અશીશ અંતરથી અમે;
બહુ વર્ષ જીવો વનરાજ. કુંવર૦
પરીપુર્ણ બધાં સુખ પામજો,
કૃપા કરજે પ્રભુ મહારાજ. કુંવર૦

પ્રવેશ ૧૮ મો.

(અરણ્યમાં રૂપસુંદરીનો વિલાપ,)

રૂપસુંદરી— સીતાજીના મહીનાનો.

હાય આ શી દશા થઇ આમ; દીવસ દુખના દીસે;
આ તી રીતે કરમ માંહી દુખ; સુ ી કયાં લખ્યું હશે.
રાજ મહેલમાં વસનારાં બાળ; ડુંગરમાં આવી પડયાં,

એ તે કીધાં જનમનાં પાપ, આવીને હવે નડયું;
વળી ઉત્તમ ભોજન થાળ, ખાનારા જે પ્રિતથી,
તેને આજ કનીષ્ટ ભોજન, મુદ્દલ મળતાં નથી.
ક્ષીર સાકરના ખાનાર, જમે છાશ રોટલો;
તેમાં પણ આવેછેરે વિઘ્ન, જુલમ તે કેટલો.
પુર વિશે ગયો બંધુ મારો, મૂકી મુજને અહીં;
ફરીથી લેવા એનીની ભાળ, તેરે આવ્યો નહીં.
દુષ્ટ કર્મ કરી ગયો હર્ણ, બીચારી નિર્મળતણું;
પાપી દુષ્ટ હેતો હશે ઇશ, દુઃખ તેને ઘણું.
કરજે રક્ષા તેની હે નાથ, કરૂં છું વિનતી;
વિના તારા અરે ઓ ઈશ, આશ્ર કોની નથી.

શીલગુણસુરી—   લેસો લેસો પોકારૂં એ રાહ.

કોઈ દુખી દિસે છે આ નાર, એકી કરતી વિચારો અપાર;
પ્રભુનું ધર્યું છે કેવું ધ્યાન, એના અંગથી નથી શુદ્ધ શાન.
તેનું વદન ગયું છે સુકાઈ, કોઈ દુખી દિસે છે આ બાઈ;
ગણું ઘોડીયામાં સુતું બાળ, જોઈ ઉપજે મને બહુ વા'લ.
પેલા બીલોને પુછું હું જઈ, જતું નગ્રમાં જાણીતા થઇ;
કહો કોનો છે આ પુત્ર ભાઈ, વલી એટી છે તે કોણ બાઈ.
તમે જલ્દીથી એહ જણાવો, ગુપ્ત ભેદ મને બતલાવો.

(જયશિખરના મરણની ખબર થવાથી.)

રૂપસુંદરી—   ઓધવજી સંદેસો.

આવા નિર્દય કેમ થયા પિયુ માહરા,
તજી શે વાંકે અબળાને આ વાર જો;
રંડાપો દઇને સ્વામી ચાલ્યા ગયા,
હાય કરી મુજને તો નિરાધાર જો.   આવા૦
કોણ લડાવશે લાડ હવે આ બાળને,

લેશે કહો હવે કો એની સંભાળ જો;
બોલાવી કોણ બેસારશે ઉછરંગમાં,
કહેશે બાપુ કોનેરે આ બાળ જો. આવા૦
કોણુ હવે આ ગુર્જરના દુખ ટાળશે,
શત્રુથી તે પોકારે છે ત્રા' જો;
વિના ''કે સોલંકી પીડે બહુ,
ગુર્જરમાં શોક ''યુ સઘળે થાય જો. આવા૦
ધીરજ શી રીતે ધારૂં પિયુ હું હવે,
કેમ કરી હું રાખુ મારા પ્રાણ જો;
એક ઘડીમાં તમને આવીને મળું,
આવું કરવું ઘટે નહીં સુજાણ જો. આવા૦

(શીલગુણસુરાની સાથે જાય છે.)

પ્રવેશ ૧૯ મો,

(સુરપાળ આવીને મળે છે તે વખતે.)

રૂપસુંદરી— સીતાજીના મહિના.

વીર લેવા આવ્યો નહીં ભાળ, ફરી અહીં માહરી;
દીન રાત થતી હતી હાય, ફીકર તો તાહરી.
તને આવ્યો નહીંરે વિચાર, શું કરશે બેનડી;
વીર આવતો હતો તું યાદ, ગુનેરે ઘડી ઘડી
મારો એકે નહીં ઉપાય, આવી હું ક્યાં મળું;
વીરા વીરા કહેતાં હમેશ, સુકે મારૂં ગળું.

સુરપાળ— પીલુ

(કહું શું નશીબે દુખીયો એ રાહ.)

સાંભળ સાંભળ બેની આ મારી,
વાત કહું જે હું આજ વિસ્તારી ૨૬
મુકી તમોન ગુપ્ત એ વનમાં;

રાય પાશે જવા કરી મેં તૈયારી. સાંભળ૦
ચાલ્યો તમારી પાસેથી આગે;
જાતું પંચાસર દિલ વિચારી. સાંભળ૦
આગળ જાતાં નાયક મળીઓ;
ખબર કહ્યા તેણે દુઃખકારી. સાંભળ૦
પંચાસરમાં રાય પડયા છે;
પામે પીડા ગુર્જર બહુ ભારી. સાંભળ૦
સોલંકી સામા જવું મેં ધર્યું;
નાયકે રાખ્યો મુજને ત્યાં વારી. સાંભળ૦
પાછો ફરીને ત્યાંથી આ એની;
આવવા નિકળ્યો હું પાસે તમારી. સાંભળ૦
હરી ગયો કોણ ભાભી તમારી;
ખબર થઈ મને ત્યાં એ નઠારી. સાંભળ૦
છોડાવી લાવ્યો તેને હું જઈને;
બહુ દુઃખ તે ત્યાં પામી બિચારી. સાંભળ૦
ભાઈ ને બેન આ મેળવ્યાં પ્રભુ તેં;
છીએ અમે તારાં ઉપકારી. સાંભળ૦

(પરમેશ્વરની પ્રાર્થના કરે છે)

રૂપસુંદરી }
સુરપાળ } ધનાશ્રી.

કૃપા કરી કીરતાર, અમપરે કૃપા કરી કીરતાર. ટેક૦
કરી કૃપા મેળવીયાં ભાઈ બેન, પ્રભુ તમે આ વાર. અમ૦
સંકટ વિષે સહાય કરી પ્રભુ, માનીએ તે આભાર. અમ૦
તું બહુ નામી અંતરયામી, નમીએ અમે વારંવાર. અમ૦

(રૂપસુંદરી જાય છે. પછી વનરાજ મામીના મૃત્યુની ખબર લાવેછે તે વખતે સુરપાળનો વિલાપ.)

સુરપાળ— ઠુંમરી.

પ્રિય પત્ની ગઇ ક્યાં મુકી મને,
નવ યોગ્ય પ્રીયા તજી જાવું તને. પ્રીય૦

પ્રિય તુજવીણ કેમ શકુંજ રહી,
દુખ દુખ દિસે તુજવીણ સહી. પ્રીય૦
તુજવીણ બધુ સુનકર દિસે,
તુજ નામ ઘડી નહીં વિસરશે. પ્રીય૦
બની અંધ ભમુ જગમાંજ પ્રિયા,
નક્કી આવી મળુ તુજને હું પ્રીયા. પ્રીય૦

(સુરપાળ આપઘાત કરવા જાયછે તે વખતે.)

વનરાજ— જફાવો સીતમમે એ રાહ.

અરે મામા મારા કરો શો આ કેર,
વિના આપ મારી થશે કેવી પેર.
ન બાપો છું હું આપણો ભાણજો,
દયા તેની દિલમાં જરી આણજો.
હજી કામ છે આપનું તો ઘણું,
લેવું વેર મારે પિતાજી તણું;
માટે મામા મારા વિચારીને મન,
ચાલો મારી સંગે થઇને પ્રસન.

પ્રવેશ ૨૦ મો,

(અરણ્યમાં વનરાજ ભુલો પડયો છે.)

વનરાજ—શું ઘેનમાં ઘેરાયો રાજા એ રાહ.

આ અઘોર વનમાં હે પ્રભુ, ભુલો પડયો હું આજ. ટેક.
કઇ દિશાએ મારે જાવું, કેણી પા મુજ ગામ;
ક્યાં એ મારી વાલી મા તું, ક્યાં અમારૂં ધામ. આ૦
હે મામા સુરપાળ મારા, આવી લ્યોની ભાળ;
વહેલા નહીં જો આવશો તો, થાશે મારો કાળ. આ૦
મૃગીયા રમવા નિકળ્યો, હું આવ્યો છું બહુ દૂર;

કેવું ભયંકર વન છે આ, જાશે જીવ જરૂર- આ૦
કીએ રસ્તે મારે જાવું, સુઝ ન તે પડે;
કીયા જનમના હે પ્રભુ, પાપ મારાં તો નડે. આ૦

(વનરાજને ચોરો પકડે છે પછી શ્રીદેવી વાણીઅણને પણ ચોરો કેદ કરે છે ત્યારે.)

શ્રીદેવી- ઠુમરી.

ક્યાં લઇ જાશો, ક્યાં લઇ જાશો;
બોલો બોલો ઓ ભાઇ, ક્યાં લઇ જાશોરે. ક્યાં૦
ક્યાં એ મારા માત પીતાને,
ક્યાં મુજ આ વનનો વાસોરે. ક્યાં૦
સાથી એ મારા નિર્દય થઇને,
વનમાં મુકીને શીદ નાસોરે. ક્યાં૦
કેમ રૂઠયો પ્રભુ આજે તું મુજપર,
બિન અપરાધે કોપ આસોરે. ક્યાં૦

પ્રવેશ ૨૧ મો.

(વનરાજ પોતાના મામા સાથે બારવટે જવાનું કહેછે ત્યારે)

રૂપસુંદરી- ગજલ.

પ્રિય પુત્ર તુજને હું કેમ જવા દઉં,
કેમ જવા દઉં કે તુજવીણ સેં રહું. પ્રીય૦
રણને વિષે તોપ બંદુકને વળી તલવાર,
ને વળી તલવાર નક્કી તું છળી મરનાર. પ્રીય૦
માટે મારા પુત્ર છોડી દો જવાની આસ,
દો જવાની આસ કે રહોની મારી પાસ. પ્રીય૦

વનરાજ- સદર.

રજા દીઓ માતુશ્રી, મને રણમાં જાવાની;
રણમાં જાવાની કે મને યુધ મચાવાની. રજા૦

રણને વિશે યુધ કરી કીર્તી મેળવું.
કીર્તી મેળવું કે પાછા પગ નવ ધરૂં; ૨જા૦
આ સમસેરથીજ શત્રુ નાશ હું કરૂં.
નાશ હું કરૂં માતુશ્રી જીત કરી ફરૂં, ૨જા૦
ધર્મ સર્વ ક્ષત્રીનો જાણોછો મા તમો,
જાણોછો મા તમો કે ઝાઝું શું કહીએ અમો. ૨જા૦
આજ મારા મામા રણમાં એકલા જશે.
એકલા જશે કે મને એબ લાગશે. ૨જા૦
મામા માતા જને આહીંથી દુર જશો જરી,
દુર જશો જરી કે જીવ આપું હું મરી, ૨જા૦
ઉલટ અતિ મન વિશે યુધ જોવાની,
યુધ જોવાની કે છોડો ટેવ રોવાની. ૨જા૦
એટલુંજ માગુંછું હું માત તારી પાસ,
માત તારી પાસ કે કરો નહિ નીરાશ. ૨જા૦

(વનરાજ માનતો નથી ત્યારે સુરપાળને તેની સોંપણુ કરેછે)

રૂપસુંદરી- જનુ ાં જીવો એ રાહ.

વીરારે સુરપાળ તને વીનવું. લેજે પુત્રની બાળજી;
મુજથી વિછુટો નથી પડયો, એ છે નાનેરૂં બાળજી.
લેજેરે ખબર વનુભા તણી.

સુરપાળ-

શોકરે છોડોને તમે બેનડી· ધારી ધીરજ મનજી,
બેનુ વિસો વનમાં નહિ, બહુ કરશું જતનજી;
શોકરે છોડોને તમે બેનડી.

વનરાજ—

આજ્ઞારે આપોને હવે માવડી, મને જાવા ગીરનારજી;
દુરીજનને દુર જઇ કરૂં મારી તેમને મારજી;
આજ્ઞારે આપોને હવે માવડી,

રૂપસુંદરી—

જો ક્હેતાં જીભ ન ઉપડે, વહેલા આવજો વીરજી;
ઝુરી ઝુરીને અહિં મરૂં, શકું ધારી ન ધીરજી;
લેજોરે ખબર વનુભા તણી.

સુરપાળ—

વેગેરે વેલા અહિં આવશું, કરશો નહિરે ઉચાટજી;
યોગ્ય રીતે અમે ત્યાં જઈ. ઘડશુ શત્રુનો ઘાટજી;
શોકરે છોડોને તમે બેનડી.

વનરાજ—

રણુરે ઝુઝી રંગ રાખવો, છે એ ક્ષત્રીની રીતજી;
સઘળા શત્રુને સંહારીને. કરૂં દેશની જીતજી;
આજ્ઞારે આપોને હવે માવડી,
રણમાં જવાને મને અતિ, માજી મનમાં ઉમંગજી;
વેરરે લેવું મુજ તાતનું, રાખુ જઈને હું રંગજી;
આજ્ઞારે આપોને હવે માવડી.

રૂપસુંદરી—

સાવધ રહેજોરે તમે સર્વદા, કરો તનનું જતનજી;
પ્રભુ તમારી રક્ષા કરો, આવે નહીરે વીઘનજી;
લેજોરે ખબર વનુભા તણી.

પ્રવેશ ૨૨ મો,

(સુરપાળનું મૃત્યુ સાંભળીને વિલાપ કરેછે.)

રૂપસુંદરી- સેઠ સગાળશા સાધુને એ રાહ.

અરે હાય સુરપાળ વિરારે, હતો જે ગુર્જરી હીરોરે—ટેક
અરે વીરા શો કોપ કર્યો તેં, તજી ગયો શું આમ;

જાતાં તને જરી શર્મ ન આવી, સુનું દીસેછે આ ધામ— અરે
બાળજ તારો છોરૂં બીચારો, રઝળે વન મોઝાર.
કોણ લડાવશે લાડ હવે એને, કો કરસે વીરવાર— અરે
ક્યાં જવું ને હવે શું કરવું તેની, સુજ પડે નહીં વીર;
કેમ મુકી અમને તું ગયો કહે કેમ બન્યો તુ અધિર— અરે
કોને હવે મારા મામા કહીને, બોલાવશે એ બાળ;
એકલો વનમાં મુંઝાઇને; તે કરશે પોતાનો કાળ— અરે
દશ દિશાથી આ૫ર આવ્યું, રેલીયું દુખવાદળ;
કૃપા કરી કર મુકત એમાંથી, હે પ્રભુ દિન દયાળ— અરે

પ્રવેશ ૨૨ મો.

(વનરાજને રાજ્યાભિશેક થયા પછી વનરાજ રૂપસુંદરીને નમન કરેછે તે વખતે.)

રૂપસુંદરી- ખુશ રહો સનમજા એ રાહ.

ધન્ય ધન્ય પુત્ર છે ધન્ય ઘણું રે તુજને.
યુધ વિશે દેખાડી શુર; શોભાવી સુજને;
તેં ક્ષત્રીની રાખી રીત દાખવ્યું શુર,
તે દેખી થયોછે આજ હર્શ મુજ ઉર;
આવા મુજને જન્મો જન્મ આપજે પુત્ર,
જે શુર કરી શોભાવે મુજ ઘર સુત્ર.
હિમત રાખી તેં વાળ્યુ બાપનું વેર,
કરી કૃપા આજ ભગવાન કરી તેં મેર;

વનરાજ- ગીતિ.

સભાસદો સહુ સુણજો. પ્રેમથકી મુજ પ્રજા તમે પાળો;
સત્વર સર્વે કષ્ટો, તેહ તણા તમે તપાસીને ટાળો.

સભાસદો— **કલ્યાણ.**

ધન્ય ગુર્જરપતી. ધન્ય ધન્ય તમ કતી;
વાળી વેર બાપનું શુર દાખવ્યું અતિ---ટેક
દેશ થકી દુસ્મન સર્વને કરીઆ આપે દૂર,
ત્રાય ત્રાય પોકરાવી રાખ્યું નિજ પરિયાનું નુર. ધ૦
અતી કષ્ટ ગુર્જરી પ્રજાએ વેઠયું થોડા વર્ષ,
આપ પાટ બિરાજ્યા તેથી પામ્યા સર્વ હર્ષ -- ધ૦
ધન્ય ધન્ય છે દિવસ આજનો થઈ છે લીલાલે'ર;
પુનઃસ્થાપના થઈ ગુર્જરની પ્રભુએ કીધી મે'ર.---ધ૦

સર્વ પાત્ર— **કલ્યાણ.**

(ઇંગ્રેજી રાહ.)

સ્નેહી સજ્જનો, ધન્ય દિવસ આજનો;
પધારવા કૃપા કરી, તમે મહાજનો. ટેક.
જુઓ પ્રાચીનકાળે કેવા થયા રાય સુરવીર;
શત્રુને સંહારી નાંખ્યા રાખી રણમાં ધીર. સ્નેહી૦
ગુર્જરપતી મહારાજા પોતે વડા વીર વનરાજ;
વેર બાપનું વાળી જેણે પાછું લીધું રાજ. સ્નેહી૦
ખેલ તેહનો ખાંતે ભજવ્યો શાણા હે સરદાર,
ભૂલ ચુકની માફી બક્ષો બાળ ગણી નિરધાર. સ્નેહી૦
અવર ખેલમાં પધારવાને કરશો અમપર મેર;
વિજય વાંચ્છિત ખેલ ભજાવી ખુશી કરે આ પેર. સ્નેહી૦
આર્યબંધુઓ આવી રીતે કરજો રૂડાં કામ;
લેશો તસ્દી પધારવાને હવે આપ મુકામ. સ્નેહી૦

સમાપ્ત.